# ૩. બોલવું સમજી વિચારી

**અંકિત ત્રિવેદી**

૯ માર્ચ, ૧૯૮૫ના રોજ અમદાવાદ ખાતે તેમનો જન્મ થયો હતો. શાળાકીય તથા કૉલેજનું શિક્ષણ અમદાવાદમાં જ લીધું. ગઝલ સંગ્રહ 'ગઝલપૂર્વક', ગીત સંગ્રહ 'ગીતપૂર્વક', નિબંધ સંગ્રહ 'મૈત્રી વિશ્વ' વગેરે તેમનાં પ્રકાશિત થયેલાં પુસ્તકો છે. આ ઉપરાંત 'અવિનાશી અવિનાશ', 'મેંદીના પાન', 'મિસીંગ બક્ષી', 'કહેવત વિશ્વ' જેવા સંપાદનો પણ તેમની પાસેથી મળ્યા છે. પત્રકારત્વ ક્ષેત્રે પણ તેઓ કાર્યરત છે. કેટલાંક સામયિકોના સંપાદક તરીકે પણ તેઓ કામગીરી બજાવે છે. તખ્તસિંહ પરમાર પુરસ્કાર, શયદા એવૉર્ડ તથા યુવા ગૌરવ પુરસ્કારથી તેમને નવાજવામાં આવ્યા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિ એક બોધકાવ્ય છે. મૂલ્યશિક્ષણના ઉત્તમ પાઠ ભણાવતા આ કાવ્યમાં બહુ સાચી વાત સરળ શબ્દોમાં કહી હોવાથી આપણા હૃદય સોંસરવી ઊતરી જાય છે. હાડકાં વગરની જીભ ગમે તે બોલી ન નાંખે તે માટે આપણે સજાગ રહેવું જોઈએ. યોગ્ય શબ્દો ફૂલો વરસાવે પણ અયોગ્ય શબ્દો કાંટા વેરે. માટે સમજી-વિચારીને બોલવું જોઈએ.

જેમ ગમે તેમ ન બોલાય તેમ યોગ્ય વાત યોગ્ય સમયે જ સાચી અસર કરે, અયોગ્ય સમયે યોગ્ય વાત પણ દુશ્મની નોતરે છે. યોગ્ય સમયે બોલેલા શબ્દો આપણને તારી દે અને અયોગ્ય સમયે બોલેલા શબ્દો ડૂબાડી દે.

વળી કવિ અહીં એક સરસ મજાની વાત કરે છે કે, બીજાએ આપણા પર કરેલા ઉપકારો હંમેશા યાદ રાખવા પણ આપણે બીજા પર કરેલા ઉપકારો હંમેશા ભૂલી જવા.

આ કાવ્યમાં વિરોધી કહેવતોના આપેલાં ઉદાહરણથી આપણને સાચી સમજ મળે છે.

બોલવું સમજી વિચારી, જીભ નથી તારી કે મારી,
વરસે તો ફૂલોની ક્યારી, નહીંતર કાંટા બિછાવશે પથારી.
બોલ્યાનાં બોર ભલે વેચાતાં હોય, આપણને રસ નથી બોરમાં,
ના બોલ્યાનાં ભલે ગુણગાન ગાઓ, પણ બોલવું સમયસરના પ્હોરમાં.
આવું કરો તો હશે યારી, કરો નહીં એકલા રહેવાની તૈયારી,
કોઈના માટે કર્યું જો હોય, તો રુદિયેથી બ્હાર કદી કાઢ મા.
યાદ જેને રહેવાનું હોય એને રહેશે, ને તારો દુઃખાવો તારી દાઢમાં,
રાખો એને ગણકારી, જેણે રાખ્યા આપણને ઉગારી.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા કાવ્યને અનુરૂપ ગુજરાતી ભાષાની કહેવતો વિશે ચર્ચા કરી કહેવતોની સમૃદ્ધિનો ખ્યાલ આપવો. કાવ્યપંક્તિઓ સ્પષ્ટ કરવા પ્રશ્નોના માધ્યમથી વિસ્તૃત ચર્ચા કરવી. જુદા જુદા સંદર્ભે જીભ વિશે પણ ચર્ચા કરવી.

'બોલે તેના બોર વેચાય' અને 'ન બોલવામાં નવ ગુણ' જેવી વિરોધાભાસી કહેવતના ઉદાહરણને ધ્યાનમાં રાખી અન્ય વિરોધાભાસી કહેવતોનો પરિચય કરાવવો.

સારા વચનો મિત્રો બનાવે અને અયોગ્ય વચનો દુશ્મન ઊભા કરે તે વાત ઉદાહરણ આપીને સમજાવવી. ઉપકાર અને અપકારની સંકલ્પના દઢ કરાવ્યા પછી અહીં આપેલ ઉપકારની વાત વિદ્યાર્થીઓના મનમાં દઢ કરાવવાનો પ્રયત્ન કરવો.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) જિહ્વા (૨) પુષ્પ (૩) કંટક (૪) દોસ્તી

(૫) હૃદય (૬) નહિ (૭) કળતર (૮) શૈયા

**સ. ૨.** **કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દો શોધીને લખો.**

**સ. ૩.** **કોઈપણ પાંચ વિરોધાભાસી કહેવતો લખો : દા.ત. :** ઓળખાણ મોટી ખાણ છે. જવાબ : ઓળખીતો સિપાહી બમણું મારે.

**સ. ૪.** **'સર' ઉપસર્ગ લગાવી પાંચ શબ્દો બનાવી તેનો વાક્યમાં ઉપયોગ કરો : દા.ત.:**સમય સર – ટ્રેન આજે સમયસર આવી.

**સ. ૫.** **એક કરતાં વધારે સમાનાર્થી શબ્દો લખો.**

(૧) પુષ્પ –____,____,____ (૨) માતા –____,____,____ (૩) હૃદય –____,____,____

**સ. ૬.** **કાવ્યને આધારે ખાલી જગ્યા પૂરો :**

(૧) જીભ નથી તારી કે મારી વરસે તો ____ ક્યારી.

(૨) આપણને ____ નથી બોરમાં

(૩) ____ જેને રહેવાનું હોય એને રહેશે.

(૪) ના બોલ્યાનાં ભલે ____ ગાઓ.

**સ. ૭.** **નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) હંમેશાં સમજી વિચારીને બોલવું જોઈએ.

(૨) સમય જોઈને બોલીએ તો બધાંની સાથે દોસ્તી રહે.

(૩) કોઈને માટે કરેલાં સારાં કાર્યો કદી યાદ રાખવા નહિ.

(૪) બીજાએ કરેલા ઉપકાર સદા યાદ રાખવા.

**સ. ૮.** **નીચેની પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) આવું કરો તો હશે યારી

(૨) જેણે રાખ્યા આપણને ઉગારી

(૩) નહીંતર કાંટાં બિછાવશે પથારી

(૪) કરો નહીં એકલા રહેવાની તૈયારી

**સ. ૯.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) આપણે સમજી વિચારીને બોલીએ તો ________________.

(અ) ફૂલો વરસે (આ) કાંટા વરસે (ઇ) અમી વરસે

(૨) આપણે હંમેશાં યાદ રાખવા જોઈએ __________________.

(અ) આપણે બીજા પર કરેલા ઉપકાર (આ) બીજાએ આપણા પર કરેલા ઉપકાર

(ઇ) બીજાએ આપણા પર કરેલા અપકાર

(૩) આપણે સમય જોઈને બોલીએ તો __________________.

(અ) બધાં આપણા મિત્ર બને (આ) બધાં આપણાં દુશ્મન બને (ઇ) બધાં આપણી સાથે ઝઘડો કરે

**સ. ૧૦. પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ**

★ 'બોલો બોલ વિચારીને, પસ્તાવો નવ થાય; બોલેલું ખેંચાય ના, કરતાં કોટિ ઉપાય.' ઉપરોક્ત સુભાષિતને યોગ્ય રીતે સમજવા વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ**

★ નીચેના અવયવો ઉપરથી ત્રણ-ત્રણ રૂઢિપ્રયોગો શબ્દકોશમાંથી શોધીને કાર્ડપેપર ઉપર લખી એક સુંદર ભીંતપત્રક બનાવો.

(૧) જીભ (૨) આંખ (૩) કાન (૪) હાથ (૫) મોઢું (૬) માથું (૭) પગ (૮) દાંત

## ભાષિક સમજ

★ **વચન બદલો :** (૧) ફૂલ (૨) કાંટાં (૩) બોર (૪) દાઢો

★ **સર્વનામ શોધી નીચે લીટી કરો :**

(૧) કોઈના માટે કર્યું જો હોય. (૨) યાદ જેને રહેવાનું હોય એને રહેશે.

(૩) જેણે રાખ્યા આપણને ઉગારી. (૪) જીભ નથી તારી કે મારી.

★ **કૌંસમાંથી યોગ્ય વિશેષણ પસંદ કરીને લખો :** (સુંદર, નવ, રંગબેરંગી, મધમીઠા, સુંવાળી, અણીદાર, દુઃખતી, લાંબી)

(૧) __ ફૂલો (૨) __ કાંટાં (૩) __ બોર (૪) __ દાઢ (૫) __ ક્યારી (૬) __ જીભ (૭) __ શૈયા (૮) __ ગુણ

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### મારી માને ગમશે ?

તે વખતે હું અગિયારેક વરસનો હોઈશ. એક દિવસ હું રસ્તા પરથી પસાર થતો હતો. એવામાં એક ફકીરબાબા સામેથી આવ્યા. તેમણે મને ઊંચકી લીધો અને મારી આંખમાં આંખ મિલાવીને બે ઘડી તે જોઈ રહ્યા. પછી મને નીચે મૂકી દીધો. ફરીથી તેમણે મને ઉપાડી લીધો ને એ જ પ્રમાણે નિહાળીને પાછો નીચે મૂક્યો. આમ તેમણે ત્રણેક વાર કર્યું. પછી ફકીરબાબાએ કહ્યું, ''બચ્ચા, એક વાત તું હંમેશા યાદ રાખજે. જ્યારે તું કંઈ પણ કરે, બોલે, વિચારે ત્યારે તારા દિલને એક સવાલ પૂછજે કે, મારી માને આ ગમશે કે નહીં?'' એટલું કહીને ફકીરબાબા ચાલ્યા ગયા. એ પછી મેં તેમને કદી જોયા નથી. પણ તેમની એ શિખામણ મારા દિલમાં જડાઈ ગઈ છે. ત્યારથી મને એક ટેવ જ પડી ગઈ છે કે, કંઈ પણ હું કરું, બોલું અથવા વિચારું ત્યારે મારી આંખ સામે સવાલ ખડો થઈ જાય છે કે, ''મારી માને આ ગમશે કે નહિ?'' આ શિખામણથી હું ઘણા દોષમાંથી બચી ગયો છું. માને હંમેશાં નજર સામે રાખવાની મને ટેવ પડી ગઈ છે. તેથી કંઈ પણ અનિષ્ટ વિચારતાં, બોલતાં કે કરતાં મને સંકોચ થઈ આવે છે અને એ કુવિચાર, કુવચન કે કુકર્મના દોષમાંથી હું બચી જાઉં છું.

– ગુરુદયાલ મલ્લિક (અનુ. મુકુલ કલાર્થી, નિરંજના કલાર્થી)

8HDBYT

વિવેક અને વિનય સમસ્ત ગુણોની આધારશિલા છે.